# રાષ્ટ્રીય મતદાતા દિવસ,૨૦૧૪ (NVD, 2014)
## કવીઝ માટેના પ્રશ્નો.

૧. લોકો ધ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ, લોકમતને અધિન રાજય કરતા હોય તે રાજયતંત્રનો પ્રકાર જણાવો ?

૨. ભારતની લોકશાહીનું સ્વરૂપ કયું છે ?

૩. સરકારના મુખ્ય અંગો (૧) ધારાસભા (૨) કારોબારી અને ત્રીજું કયું છે ?

૪. ભારતના બંધારણીય વડા કોણ છે ?

૫. ભારતમાં મહિલાઓ માટે મતદાન કરવા માટેની લઘુતમ વય કેટલી છે ?

૬. આપની પાસે છેલ્લા ૧૦ વર્ષથી EPIC છે, તો શું આપ માની લેશો કે આપનું નામ મતદાર યાદીમાં હશે જ ?

૭. ગુજરાત વિધાનસભા ભવનનું નામ શું છે ?

૮. પંચાયતીરાજમાં ચૂંટણી લડવા માટે લઘુતમ વય મર્યાદા કેટલી રાખવામાં આવી છે ?

૯. અત્યારે રાજયસભાના અધ્યક્ષ કોણ છે ?

૧૦. ગુજરાતમાં રાજયસભાની બેઠકો કેટલી છે ?

૧૧. ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર કોણ છે ?

૧૨. ગુજરાત વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ?

૧૩. આપ મતદાન મથક પર મતદાન કરવા જાઓ છો અને ત્યારે આપને ખબર પડે છે કે આપના નામે અન્ય કોઈએ મત આપી દીધો છે તો શું કરશો ?

૧૪. રાજયસભાના સભ્યોની ચૂંટણી કેવી રીતે થાય છે ?

૧૫. ભારતમાં સંસદના ઉપલા ગૃહને કયાં નામથી ઓળખવામાં આવે છે ?

૧૬. શું આપ મોબાઈલ ફોન લઈને મતદાન મથક ઉપર જઈ શકો છો ?

૧૭. રાષ્ટ્રીય મતદાર દિવસ કયારે ઉજવાય છે ?

૧૮. મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવા માટેનો અગત્યનો આધાર શું છે ?

૧૯. આપના માતાપિતાએ મતદાનની પવિત્ર ફરજ અદા કરી છે તે જાણવા માટે કયાં હાથની કંઈ આંગળી

પર અવિલોપ્ય શાહીના ટપકાના નિશાનથી ખાત્રી થશે ?

૨૦. ધારાસભ્ય માટેની ચૂંટણીમાં ઉમેદવારી માટે કે ધારાસભ્ય બનવા માટે લઘુતમ વય મર્યાદા કેટલી છે ?

૨૧. ભારતના ચૂંટણી પંચની સ્થાપના કયારે થઈ ?

૨૨. ઈ.વી.એમ.એટલે શું છે ?

૨૩. રાજયની સરકારમાં મંત્રીમંડળના વહિવટી વડા કોણ હોય છે ?

૨૪. કેન્દ્રની સરકારમાં મંત્રીમંડળના વહિવટી વડા કોણ હોય છે ?

૨૫. લોકસભામાં ચૂંટાયેલ સભ્યને શું કહેવામાં આવે છે ?

૨૬. ઉપરાષ્ટ્રપતિ તરીકે ઉમેદવાર થવા માટેની લઘુતમ વય કેટલી છે ?

૨૭. " ગ્રામ સ્વરાજ" શબ્દ કોણે આપ્યો ?

૨૮. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ કેટલા ટકા કરવામાં આવ્યું છે ?

૨૯. લોકસભાની સામાન્ય ચૂંટણીઓ સામાન્ય સંજોગોમાં કેટલા સમયના અંતરે યોજવાની હોય છે ?

૩૦. ભારતમાં મતાધિકાર માટેની લઘુતમ વય કેટલી છે ?

૩૧. આપણા દેશમાં સંસદના નીચલા ગૃહને કયાં નામથી ઓળખવામાં આવે છે ?

૩૨. લોકસભામાં ગુજરાત રાજય માટેની કેટલી બેઠકો છે ?

૩૩. મતદાનના દિવસે મતદારોએ મતદાન કરવા કયાં જવાનું હોય છે ?

૩૪. " પ્રજા ઘ્વારા પ્રજા માટે અને પ્રજાનું શાસન" આ ઐતિહાસિક વાકય કોણે કહેલ છે ?

૩૫. મતદાનના દિવસના ત્રણ થી ચાર દિવસ પહેલા BLO ઘ્વારા વિતરણ કરાયેલ ફોટાવાળી મતદાર સ્લીપ ખોવાઈ જાય તો આપ શું કરશો ?

૩૬. વિધાનસભાના સભ્યને શું કહેવામાં આવે છે ?

૩૭. આપના માતા–પિતાનું નામ મતદાર યાદીમાં હોવા અંગે પૂછપરછ કે માર્ગદર્શન માટે જે તે ભાગના સૌથી નજીકના અને સ્થાનિક કક્ષાના કયાં અધિકારી / કર્મચારીનો સંપર્ક કરશો ?

૩૮. ગુજરાત વિધાનસભાની છેલ્લી સામાન્ય ચૂંટણીઓ માટે કેટલા તબકકામાં મતદાન યોજાયેલ છે ?

૩૯. તાજેતરમાં જ નવેમ્બર, ડિસેમ્બર ૨૦૧૩ દરમિયાન ભારતમાં કેટલા રાજયોની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાયેલ હતી ?

૪૦. મતદાનની તારીખના રોજ મતદાન પૂર્ણ થવાના સમયથી કેટલા કલાક પહેલા ઉમેદવારોએ જાહેર ચૂંટણી પ્રચાર બંધ કરી દેવાનો હોય છે ?

૪૧. જો વ્યકિત EVM થી મતદાન કર્યાની ફરજ અદા કરવા ઈચ્છે છે, પરંતુ હરીફ ઉમેદવારો પૈકી એકપણ ઉમેદવારને મત નથી આપવા માંગતો તો EVM ઉપર મત આપી શકે ?

૪૨. ચૂંટણીઓ દરમિયાન આચાર સંહિતાનો અમલ કયારથી શરૂ થાય છે અને કયારે પૂર્ણ થાય છે ?

૪૩. લોકસભાની ચૂંટણી માટેના આપના વિસ્તારની બેઠકના ઉમેદવારોનો ગુનાહીત ઈતિહાસ, જો કાંઈ હોય તો તે મતદાર કેવી રીતે જાણી શકશે ?

૪૪. આપના વિસ્તારની લોકસભાની બેઠક માટેના ઉમેદવારોની સંપતિ અને દેવું વગેરે વિગતો દર્શાવતું સોગંદનામું કેવી રીતે જાણી શકાય ?

૪૫. ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ જણાવો ?

૪૬. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયની વેબસાઈટ જણાવો ?

૪૭. લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તો તે યુવાને પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવવા માટે કયાં નમુનાના ફોર્મમા વિગતો ભરીને રજુ કરવાની થશે ?

૪૮. મતદાર યાદીમાં મતદારના નામ કે વિગતોમાં કોઈ ભૂલ કે ત્રુટી હોય તો તે સુધારવા માટે કયાં નિયત નમુનામાં અરજી કરવાની થાય ?

૪૯. ગ્રામ પંચાયતની ચૂંટણીઓના સંચાલન અંગેની બંધારણીય ફરજ કોની છે ?

૫૦. લોકસભાની બેઠકોની ચૂંટણીઓ કોના પ્રત્યક્ષ નેજા હેઠળ યોજવામાં આવે છે ?

૫૧. કોઈ પુખ્ત નાગરીક શારિરીક અશકતતા ધરાવતો હોય તો તે મતદાન કઈ રીતે કરશે ?

૫૨. ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીનું સંચાલન કોણ કરે છે ?

૫૩. મતદાર યાદી બાબતની પૂછપરછ માટે કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન કયાં ટોલ ફ્રી નંબર પર ફોન કરશો ?

૫૪. મતદાનના દિવસના ત્રણથી ચાર દિવસ પહેલા સબંધિત BLO તેના હસ્તકના / ભાગના મતદારોને શેનું વિતરણ કરે છે, જે ચૂંટણીના દિવસે ઓળખપત્ર તરીકે વપરાય છે ?

૫૫. એક મતદારનું કોઈ એક મતદાર યાદીમાં નામ ચાલે છે અને તે અન્ય વિસ્તારમાં રહેવા જતા, ત્યાંની મતદાર યાદીમાં પણ નામ દાખલ કરાવે છે…શું આ કાયદાકીય રીતે યોગ્ય છે ?

૫૬. ચૂંટણી પ્રચાર દરમિયાન કોઈ ઉમેદવાર મતદારોને લાંચ આપે, દારૂનું વિતરણ કરે કે રોકડ રકમ વહેંચી મતદારોને પ્રભાવિત કરે તો તે અંગે કયા ફરિયાદ કરશો ?

૫૭. એક મહિલા મતદાન મથક પર મતદાન કરવા જાય છે અને તેણીએ છ માસનું બાળક તેડેલું છે, તો તેણી બાળકને લઈને મત કુટીરમાં પ્રવેશી શકશે ?

૫૮. મતદાન મથક પર મતદારોની લાંબી કતાર હોય તો તે સંજોગોમાં મહિલાઓ માટે શું ખાસ સુવિધા હોય છે ?

૫૯. વરિષ્ઠ નાગરીકોને મતદાન મથક ઉપર મતદાન માટે શું ખાસ સુવિધા અપાય છે ?

૬૦. આપનું નામ મતદાર યાદીમાં હોય પરંતુ EPIC (ફોટાવાળું મતદાર ઓળખપત્ર) ન હોય તો મતદાનના દિવસે મત આપી શકાય ?

૬૧. કયાં રાજયમાં વિધાનસભાની બેઠકો સૌથી ઓછી છે ?

૬૨. ભારતીય રાષ્ટ્રધ્વજનમાં અંકિત અશોક ચક્ર શેનું પ્રતિક છે ?

૬૩. મતદાન મથકમાં કોણ કોણ પ્રવેશી શકે ?

૬૪. ભારતમાં ન્યાયતંત્ર કોના તાબામાં છે ?

૬૫. " લોકશાહીનો આત્મા બાહય રીતે લાદી શકાતો નથી, તે તો અંતરમાંથી સ્ફૂરવો જોઈએ." આ વાકય કોણે કહેલ છે ?

૬૬. નગરપાલિકાઓની ચૂંટણીઓનું સંચાલન અને આયોજન કોના ધ્વારા થાય છે ?

૬૭. અંધ વ્યકિત પોતાનો મત કેવી રીતે આપી શકે ?

૬૮. ભારતના ચૂંટણી પંચના પ્રથમ આયુકત કોણ હતા ?

૬૯. હાલમાં ભારતનું ચૂંટણી પંચ કેટલા સભ્યોનું બનેલું છે ?

૭૦. ભારતના ચૂંટણી પંચના આયુકતની નિમણૂંક કોણ કરે છે?

૭૧. ભારત દેશમાં સંસદના ઉપલાગૃહમાં સભ્યોની કુલ સંખ્યા કેટલી નિર્ધારીત થયેલ છે ?

૭૨. રાજયસભાના કુલ સભ્યો પૈકી કેટલા સભ્યો ચૂંટણી પ્રક્રિયાથી ચૂંટાયેલ અને કેટલા સભ્યો રાષ્ટ્રપતિ ધ્વારા નિયુકત થયેલ હોય છે ?